સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

કૌભાંડો-કમીશન-ખાયકીમાં, સ્માર્ટ તો છે!
બેદરકારીને ભ્રષ્ટાચારમાં, સ્માર્ટ તો છે!
સ્માર્ટ તો છે સાહેબો જુઠું-મીઠું બોલવામાં -
પ્રજાના પેટે પગ મૂકવામાં, સ્માર્ટ તો છે!
(તંત્રએ પણ સ્માર્ટ થવું પડશે!)

તમારું તંત્ર -
સ્માર્ટ બને તો ય
સૌ સારાં વાનાં...

- ને સ્માર્ટ તો છે!
તમારી સરકાર -
દંભ - દેખાડે...

હાઈકુ

ચિંતન

અન્યથા વેદપંડિત્યં શાસ્ત્રમાચાર મન્યથા ।
અન્યથા કુવચઃ શાંતં લોકાઃ ક્લિશ્યન્તિ ચાન્યથા ॥

'ચાણક્યનીતિ' શાસ્ત્રનો આ શ્લોક છે એમાં નિંદા ન કરવા બાબતની વાત છે.

અર્થ :- 'વિદ્વાન અને બુદ્ધિશાળી વ્યક્તિઓની નિંદા કરવા કરનારા આવુ કરીને નાહક જાતે જ ચિંતા વહોરી લે છે. પંડિત-વિદ્વાન-સજ્જનોનો શાસ્ત્ર અનુસાર જ આચરણ જીવન જ જીવતા હોય છે આમ છતાં શાંત અને ગંભીર જીવન જીવનારાની ટીકા કરી તેમને 'ઢોંગી' અને 'દંભી' કહેનારા એમ કરી/કહી જાતે જ દુઃખી થાય છે આવું કરવાથી સંત અને સજ્જન લોકોને તો કંઈ ફરક પડતો નથી પરંતુ ટીકાકાર નિંદક જાતે જ દુઃખી થાય છે.'

કોઈ કારણ વિના કોઈ શું કરે છે એણે શું કરવું કે ન કરવું જોઈએ એવી ચર્ચાને ટીકા-નિંદા કહેવાય - આપણે આપણા 'આચરણ'નું જ સદાય મૂલ્યાંકન કરવું.

સુવિચાર

- શબ્દોની પરંપરા ચાલતી હોય ત્યારે ચૂપ રહેવું સારું છે - **ઈઝરાયલી કહેવત**
- જેઓનાં વિચારો મહાન છે તેઓ જ ખુલ્લા દિલે ખડખડાટ હસી શકતા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પસ્તાવો તો પ્રભુની દયા છે... ગુનાથી ડરો... પણ પસ્તાવાથી નહીં - **શ્રી શ્રી રવિશંકર**
- જીંદગી તો સત્ય અને અસત્યની ગજબની ગૂંથણી છે - **ઝેન કથન**
- બજારમાં વેપારીની આબરુનું જેવું સ્થાન છે તેવું સ્થાન ઘરમાં પ્રેમનું છે - **કાંતિ ભટ્ટ**
- પુરુષો બહુ બહુ તો તેમની શક્તિ આપી શકે ધન આપી શકે...
  જયારે સ્ત્રી તો પોતાની જાત આપી દે છે - **શરીફા વીજળીવાળા**
- આજનું ઔષધ : રાઈ અને મરીના ચૂર્ણને ઘીમાં મેળવી લેપ કરવાથી રસોળી મટે છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

મધર ટેરેસા 'સ્પષ્ટ વક્તા' હતા. ગમે તેવા મોટા નેતાની હાજરી હોય કે મોટી મેદની હોય એમને જે કહેવું હોય તે ખૂલ્લા હૃદયે - સ્પષ્ટ શબ્દોમાં કહી જ દેતાં.

૧૯૯૪ની સાલમાં અમેરિકાના વિશ્વવિખ્યાત દેવળમાં એક બ્રેકફાસ્ટ મિટીંગનું આયોજન હતું. બિલ ક્લિન્ટન પરિવાર સાથે હાજર રહ્યા હતા. પાંચ હજાર જેટલી મેદની હતી.

મધર બોલ્યાં - આજે આપણા યુવાન બાળકોને આપણે પ્રેમ આપી શકતા નથી. સમયનો અભાવ છે પરિણામે બાળક ડ્રગ્સના રવાડે છે. માતા-પિતા છૂટાછેડા લઈ બેઠાં છે. જીવનમાં, સંસારમાં પ્રેમનો અભાવ છે.

આજના હત્યાકાંડો આતંક અને ખૂનખરાબાનાં મૂળ આ અભાવમાંથી જ નિકળે છે અને એ બધાનું મુખ્યકારણ છે 'ગર્ભપાત'. આપણી વાસનાની પૂર્તિ સ્વરુપે જન્મવા આવેલાં આપણાં જ નિર્દોષ બાળકની માતા-પિતાના હાથે જ હત્યા થાય એના જેવી ક્રૂરતા બીજી કઈ હોઈ શકે?

આપણે યુદ્ધ કરનારાઓ કે આતંકીઓ ને ક્યે મોઢે નિંદા કરી શકીએ? 'પહેલાં આપણે ગર્ભપાત રોકો.'

જેઠમલાણી અને અમરસિંહ રાજયસભામાં

તંત્રીસ્થાનેથી...

રાજયસભા એ આપણી સર્વોચ્ચ બંધારણીય સંસ્થા સંસદ (પાર્લામેન્ટ)નું ઉપલું ગૃહ છે. પૂરેપૂરું નહીં પરંતુ એનું સ્વરુપ મહદંશે બ્રિટનની ઉમરાવસભા (હાઉસ ઑફ લોર્ડ્ઝ)ને મળતુ આવે છે. મહાભારતકાર કહે છે : ન સા સભા યત્ર ન સન્તિ વૃદ્ધા : । જે સભામાં વૃદ્ધો ન હોય એને સભા ન કહેવાય. અલબત્ત, આપણા સંસદભવનમાં રાજયસભાના ગુબંજ નીચે આ જ સૂક્તિ કોતરેલી છે પરંતુ આપણા રાજકીય પક્ષો એમની અનુકૂળતા મુબબ ગ્રામસભામાં પણ માંડ શોભે એવા પ્રતિનિધિઓને રાજયસભામાં મોકલી આપતાં અચકાતા નથી. એક તરફ પોતાની વોટબેંક મજબૂત કરવાના ઈરાદાથી આવા તદ્દન અયોગ્ય લોકોને આવાં મોભાદાર સ્થાનો પર ગોઠવી દેવાના કારસા રચાતા જોઈએ છીએ તો બીજી તરફ વગદાર અને વજનદાર જૂના જોગીઓ પોતે પોતાની રીતે આવાં સ્થાનો પર કબજો ચાલુ રાખતા જોવા મળે છે. રામ જેઠમલાણી અને અમરસિંહ આવા વગદાર અને વજનદાર - વજૂદ ધરાવતા રાજનેતાઓ છે. જેઠમલાણી દેશના શ્રેષ્ઠ ધારાશાસ્ત્રીઓમાં મોખરાનું સ્થાન ધરાવે છે. એમની સુદીર્ઘ કારકિર્દી દરમિયાન તેઓ કયારેક દેશના કાયદામંત્રીની જવાબદારી પણ સંભાળી ચૂક્યા છે. ભારતીય જનતા પાર્ટીના સ્થાપક સભ્ય હોવા છતાં પાર્ટીએ એમને બળવાખોરીની સજા ફરમાવી સસ્પેન્ડ કરેલ છે. જો કે એથી જેઠમલાણીને કશો ફરક નથી પડતો. અગાઉ શિવસેનાએ એમને રાજયસભામાં મોકલી આપ્યા હતા અને હવે લાલુપ્રસાદ યાદવની રાષ્ટ્રીય જનતા દળ પાર્ટીના સદસ્ય તરીકે, રાબડી દેવીની સાથે તેઓ રાજયસભાનું સદસ્યપદ શોભાવશે! અમરસિંહ ઉદ્યોગગૃહો સાથે સંકળાયેલા ખેપાની ખેલાડી છે. મુલાયમસિંહ સાથે રહ્યા, પણ એટલા નજીક પહોંચી ગયા કે મુલાયમ પરિવારે એમને હાંકી કાઢવા પડ્યા. જયાપ્રદા સાથેના સંબંધો સાચવવા જતાં આઝમખાન સાથે રાજકીય દુશ્મનાવટ વહોરી બેઠા તો વળી અમિતાભ બચ્ચને પણ એક સમયના એમના ગર્દિશના દિવસોના તારણહારને તડકે મૂકી દીધા! પરંતુ અમરસિંદ જેનું નામ. લાંબો રાજકીય વનવાસ વેઠીને ફરી પાછા એ જ મુલાયમસિંહના 'વફાદાર' સાથી તરીકે સમાજવાદી પાર્ટીના ક્વૉટામાં રાજયસભા પ્રવેશ કરી રહ્યા છે. જેઠમલાણી પાસે એમનું ધારાશાસ્ત્રી તરીકેનું વજૂદ છે. લાલુપ્રસાદ યાદવને ચારા કૌભાંડમાંથી બહાર આવવા માટે એમના જેવા સમર્થ વકીલની જરુર છે. મુલાયમસિંહ અને એમના રાજકીય વારસ અખિલેશ માટે મોદી-માયાવતીની ભીંસમાંથી પાર ઊતરીને ઉત્તરપ્રદેશનું રજવાડું બચાવવાનો પડકાર ઊભો થયો છે. અમરસિંહ કોઈ માસ લીડર ભલે ન હોય, પરંતુ રાજપૂત છે અને સવિશેષ તો ઉદ્યોગગૃહોના 'એજન્ટ' છે. 'સહારા'નો સહારો સરકી ગયા પછી દેશનાં બીજાં ઉદ્યોગગૃહોનું સમર્થન મેળવી આપવાની એમની ક્ષમતા જ આઝમખાન જેવા પાયાના ટેકેદારનો વિરોધ વહોરીને પણ અમરસિંહને પાર્ટીમાં પુનઃપ્રવેશ ઉપરાંત રાજયસભાના સદસ્યપદની નવાજેશ માટે મુલાયમને મજબૂત કરી શકે છે. રાજકારણમાં કોઈ કાયમી દોસ્ત નથી તેમ કોઈ કાયમી દુશ્મન નથી. સમય અને સંજોગો અનુસાર રચાતાં સમીરણોમાં બધાએ લવચીક (ફલૅક્સીબલ) વલણ અપનાવી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરી લેવાનો રહે છે. વળી હિંદીમાં એક કહેવત છે : 'કામ પ્યારા હૈ, ચામ નહીં.' જેઠમલાણી અને અમરસિંહ કામના માણસો છે એટલે જ એમને કોઈ ને કોઈ પાર્ટી પોતાના ક્વૉટામાં સમાવી લઈ રાજયસભાના સદસ્ય જેવું મોભાદાર પદ આપતી રહી છે.

સુક્ષ્મ જીવાણુઓ - અદેશ્ય પણ અમૂલ્ય

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

સજીવ સૃષ્ટિમાં વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની હાજરી સર્વત્ર વર્તાય છે. પરંતુ જેના વગર પ્રાણી કે વનસ્પતિ જીવોનું જીવન અશક્ય છે તેવા સૂક્ષ્મજીવો નરી આંખે જોઈ શકાતાં ન હોઈ તેના મહત્ત્વ વિશે અજાણતાં જ દુર્લક્ષ સેવાય છે.

સુક્ષ્મ જીવોને અંગ્રેજીમાં 'માઈક્રો ઓર્ગેનીઝમ' (Microorganism) કહેવામાં આવે છે. ગ્રીક શબ્દ 'Mikros' એટલે કે નાનું એવા શબ્દને આધારે 'Micro' શબ્દ આવેલ છે. એકકોષી કે બહુકોષી આવા 'માઈક્રોઓર્ગેનીઝમ' ના અભ્યાસને 'માઈક્રોબાયોલોજી' કહેવામાં આવે છે. આ વિષય કે આ જીવોનો અભ્યાસ વર્ષ ૧૬૭૪થી ચાલી આવેલ છે. તેથી તે સાચે એવો પ્રાચીન કહી શકાય.

સુક્ષ્મ જીવોમાં શેવાળ કે લીલ (Algae), શળાકાણુ કે દંડાણુ (Bacteria), કવક કે ફુગ (Fungi), પ્રજીવ (Protozoa) અને વાઈરસ (Viruse) ની જાતિઓનો સમાવેશ થાય છે. વૈજ્ઞાનિકોના મત પ્રમાણએ આ પૃથ્વી પર એક ટ્રીલીયન (ખરબ) જેટલા સુક્ષ્મજીવો અંદાજ માંડવામાં આવેલ છે.



આ પૃથ્વી પર સુક્ષ્મજીવો ડાયનાસોર પહેલાં આવ્યા હોવાનું કહેવાય છે. અંદાજે ૩.૬ થી ૪ અબજ વર્ષથી તેની હાજરી આ પૃથ્વી પર છે. સુક્ષ્મજીવો પૃથ્વીના જીવાવરણના તમામ માધ્યમો હવા, પાણી, જમીનમાં તેમની હાજરી ધરાવે છે. જમીન એટલે કે માટીમાં તેની હાજરી સવિશેષ છે. ફક્ત એક ચમચી માટીમાં ૧ અબજ જેટલા બેકટેરીયા, ૧,૨૦,૦૦૦ જેટલા ફંગી અને ૨૫૦૦૦ જેટલી આલ્ગીની ઉપસ્થિતિ જોવા મળે છે.

માનવ શરીરના પોલાણવાળા બધા જ અંગે જેવા કે ચામડી, નાક, ગળુ, મોઢું, આંતરડા વગેરેમાં સુક્ષ્મ જીવો જેવા કે બેકટેરીયાની મોટા પ્રમાણમાં હાજરી હોય છે. માનવ શરીરની ચામડી ભાગમાં પ્રતિ ચોરસ સેન્ટીમીટર ભાગમાં એક લાખ (૧,૦૦,૦૦૦) જેટલા બેકટેરીયા હોય છે.

સુક્ષ્મજીવો હાનિકારક કરતાં આ પૃથ્વીના પર્યાવરણ કે વનસ્પતિ અને પ્રાણીઓ માટે લાભદાયક વધુ છે. પૃથ્વી પરના પોષક તત્ત્વોના ચક્ર માટે પરિસરતંત્રમાં 'સડાવનારા' (Decomposer) તરીકે તે મહત્ત્વનો ભાગ ભજવે છે. કેટલાક સુક્ષ્મજીવો નાઈટ્રોજન ચક્ર જાળવી રાખવામાં મદદરુપ બને છે. હવામાં વસતાં સુક્ષ્મજીવો ઉત્સર્જન અને હવામાનમાં સક્રિય ભાગ ભજવે છે.

આપણે જાણીએ છીએ તેમ આલ્કોહોલ તૈયાર થવામાં, દહી-ચીઝ પનીર જેવી દૂધની બનાવટોમાં કે આથો લાવીને બનાવાતી બેકરીની બનાવટોમાં સુક્ષ્મીજીવો તેમની ઉપયોગીતા દ્વારા માનવજાતને ઉપયોગી બને છે.

પૃથ્વી પર પેદા થતાં સેન્દ્રીય પદાર્થો ઝાડ, પાંદડા, ડાળીઓ, મૃતદેહો વગેરેના ઉકરડાના ઢગલાઓ ખડકાઈ ગયા હોત જો સુક્ષ્મજીવોએ તેનું રૂપાંતરણ પોષક દ્રવ્યોમાં ન કર્યું હોત. વનસ્પતિઓ અને પ્રાણીઓને વિકસિત થવામાં કે અસ્તિત્વ જાળવી રાખવામાં સુક્ષ્મજીવોનો અતિ મહત્ત્વનો ફાળો છે.

સુક્ષ્મજીવો વિશેની જાણકારી કુલ સુક્ષ્મજીવોના ફક્ત ૯ ટકા જેટલી જે છે તેવું કહેવાય છે. આપણે માનવો શ્વાસ લઈએ છીએ તેવા પ્રાણવાયુના પેદા થવામાં સુક્ષ્મજીવોનો અડધો-અડધ ફાળો છે. એ જ તેમની આપણાં માટેની અનિવાર્યતા પ્રસ્થાપિત કરે છે.

પ્લીઝ - ઑપન ધીસ લીંક...!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

"બેટા આ વોટ્સઅપ, ફેસબુક અને ટ્વીટરની બહાર પણ એક દુનિયા છે." ...."અચ્છા !! પપ્પા જરા એની લીંક મોકલાવજો ને...!!!" વેઈટ વેઈટ વેઈટ... હ..હા..હા..હા કરીને ખડખડાટ હસતા પહેલા આ બે લાઈન ત્રણ - ચાર વાર ફરી વાચી જાઓ તો. પહેલી નજરે ટીખળી લગતા આ શબ્દોમાં વર્ષોની સાધના પછી કોઈ યોગીને પ્રાપ્ત થતા અગમ - નીગમીયા જ્ઞાનથી પણ વધુ ઊંડાણ છે - બોધ છે - સચ્ચાઈ છે. યસ, આપણે લીંકોની લાલચમાં દોડતા એવા પામર જીવો બનતા જઈએ છીએ કે જેઓ ખુલતી કે ક્લિક થતી એક એક લીંકની સાથે સાથે કેટકેટલી ચીજોથી ડી-લીંક થતા જઈએ છીએ. ક્યારેક હીંચકા પર હળવેથી ઝુલતા ઝુલતા કે સોફાના ખોળે લાંબો વાહો કરતી વખતે વિચાર્યું છે કે આપણે સ્માર્ટ થયા છીએ, નોલેજેબલ થયા છીએ કે ટેકનોલોજીની અદેશ્ય અને મખમલી લાગતી નાગચૂડમાં બંધાઈને વધુ ડમ્બ, એકલા, સંકુચિત કે પછી ઓલમોસ્ટ શિક્ષિત નિરક્ષર થતા જઈએ છીએ? ક્વેશ્ચન ટફ છે ને જવાબ ટફેસ્ટ!!!

ફેસબુકની દીવાલે લાઈક્સની ગણતરી કરતા આપણે નજર સામે ચિત્રકામની સ્કેચબુકમાં ટીચરે લખેલું વેરી ગુડ બતાડવા મથતા પોરિયા કે પોરીને ક્યાં એક લાઈક આપી શકીએ છીએ? વોટ્સઅપના પ્રોફાઈલમાં દર બીજા દિવસે ફોટો બદલાવો જ જોઈએ એવી ચીવટ રાખનાર આપણે ઘરવાળીએ પહેરેલી નવી સાડીના વખાણ કરવાનું ચીવટપૂર્વક ભૂલતા જઈએ છીએ. એક વખતે નજીકના બધાના નંબરો ઓલમોસ્ટ યાદ રાખી શકનાર આપણને ક્યારેક તો આપણો ખુદનો નમ્બર યાદ કરવામાં પણ પરસેવો વળી જાય છે. ટેકનોલોજીની આ માયાજાળમાં કેટલાય ટ્રોજન વાયરસ વગર પૂછ્યે આપણા દિમાગ ને દિલમાં ઘર કરી જાય છે ને પછી હળવેથી ને ખબર નાં પડે એમ માંડે છે એક્ટીવ થવા અને ખબર પડે ત્યારે નીકળીએ છીએ એન્ટી-વાઈરસ શોધવા...!! અને જો સવેળા જાગ્યા હોય તો એકાદો એન્ટી-વાઈરસ મળી જાય નહિતર રામે-રામ અને હરી-વાલ્લા...!!!

અસલમાં ટેકનોલોજીનો જન્મ એટલા માટે થયો છે કે મનુષ્ય પોતાનો મહામુલો સમય બચાવી શકે અને એ બચેલા સમયને કેક મનગમતી પ્રવૃત્તિ - વ્યક્તિ કે પ્રસંગમાં વાપરી શકે. પણ રીઝલ્ટ ઈઝ ટોટલી ઓપોઝીટ! આટલે સુધીમાં એકધારું એન્ટી-ટેકનોલોજી લખ્યા પછી એક ચોખવટ કે ટેકનોલોજી આધુનિક સમય અને સમાજની જરૂરીયાત છે - અનિવાર્યતા છે અને ચોક્કસપણે ઉપયોગીતા પણ છે. તો પછી વેર ઈઝ ધ પ્રોબ્લેમ યાર? પ્રોબ્લેમ ટેકનોલોજીનો નથી પ્રોબ્લેમ આપણો છે. ટીવી ની શોધ મનોરંજન માટે થઈ છે તો સાથે સાથે એમાં ઓફનું બટન એટલા માટે છે કે ક્યારેક એમાંથી બહાર નીકળીને પણ આગળ કહ્યું એમ જિંદગીની લીંક ઓપન કરી શકીએ. ક્યારેક મોબાઈલની તીનપત્તીમાં એક્ઝીટ ક્લિક કરીને ઘર આગળના ખુલ્લા ચોગાનમાં ભેગા થઈને ક્રિકેટ, ફૂટબોલ કે કઈ નહિ તો ટોળટપ્પા કરતા બાળકોની ખીખીયાટી માણી શકાય. સ્ટેટ્સ પર લુખ્ખી વાહ-વાહીનો મોહ થોડી વાર જતો કરીને આંગણે ઉગેલા બારમાસીના ઝાડ પર એકલી એકલી ચહેકતી કોઈ દેવચકલીને મનોમન વાહ કહી શકાય. ક્યારેક જ્યુસરની સ્વીચ બંધ કરીને એનો પ્લગ પીનમાંથી ખેચીને સંતરાની પેશીને મોઢેથી ચૂસવાની મજા લઈ જોજો, કેરીને હાથેથી ઘોળીને રસ કાઢજો કે પછી બચપણમાં કરતા હતા એમ ડાયરેક્ટ મો થી જ ચૂસી કાઢજો...ફર્ક મહેસુસ હોંગા જનાબ !!!

ટીવી, મોબાઈલ કે જ્યુસર તો એઝ ફોર એકઝામ્પલ છે માય ડીયર બટ હોલ થિંગ ઈઝ ધેટ કે આ બધાની બહાર પણ એક જિંદગી છે, લાઈફ છે, તરવરાટ છે, કુદરત છે, દોસ્તી છે, સંબંધો છે, પ્રેમ છે ને સૌથી ઉપર કે એ આભાસી નહી પણ વાસ્તવિક છે પણ ફૂદડી કરીને લખેલું છે કે શરતો લાગુ. યસ, કન્ડીશન એપ્લાય !!! કન્ડીશન છે કે ટેકનોલોજીના જરૂર વગરના કે વધુ પડતા ઉપયોગની સાંકળો તોડવાની. સવાલ રોજબરોજના કામોને આસન કરતી ટેકનોલોજીની સાથે કે સામે નથી જ, એ તો અનિવાર્ય બની ગઈ છે આજકાલની ફાસ્ટ લાઈફમાં પણ જી-ટોકના ચેટ બોક્ષની બહાર નીકળીને ગલીને નાકે કે પછી યાદ કરીને ઘણાયે વખતથી ના મળ્યા હોય એવા કોઈ દોસ્ત સાથે પુલની રેલીંગે કે પાનના ગલ્લે એકાદ કલાક કોઈ ચેટ બોક્ષ ખોલતા રહેવું જરૂરી છે. આપણે ફેસબુકમાં કે બીજી કોઈ સોશિયલ સાઈટ્સ પર ૫૦૦૦ ફ્રેન્ડસો ધરાવતા હોવાનો ગળું ફુલાવીને હરખ ફેકતા ફરતા હોઈએ છીએ પણ બચપણના - શેરીના કે પછી સ્કુલના કોઈ દોસ્તને છેલ્લે ક્યારે મળેલા એમ કોઈ પૂછે તો કડવું કારેલું ગળી ગયા હોઈએ એવું ડાચું કરીને આંખોમાં કુંબલેના ચકળ-વકળ બોલ જેવા ડોળા કરવા માંડીએ છીએ. તકલીફ અહિયાં છે મિત્ર!

લારીમાં મળતી ૫૦ કે ૬૦ રૂપિયાની ગેમોથી તમારા કોમ્પ્યુટરની હાર્ડડીશ અને તમારું બચુડીયું બેય છલોછલ તો છે પણ ક્યારેક નવા વિકસેલા ગાર્ડનના લશગ્રીન ગ્રાસ પર એ જ બચુડીયાની આંગળી પકડીને ખુલ્લા પગે ચાલવાની ગેમ રમી છે ? બસ એ જ લીંક તો ઓપન કરવાની છે અને જો કરી છે તો પછી છો ને કોમ્પ્યુટરની હાર્ડ ડીશ હવા ખાય, બચુડીયાને અને તમને બેયને એનો કોઈ ખાસ ફર્ક નહી જ પડે! મેસેન્જર પર મોકલતું હાર્ટ શેપ વાઈઝ બરાબર છે પણ શું એમાં ખરેખર ધબકારો છે? એ ધબકારા માટે તો આંખમાં આંખ પરોવીને અને હાથમાં હાથ પકડીને આઈ લવ યુ કહેવું પડે! એમાં માઉસની નહિ પણ હૃદયની ક્લિક જોઈએ! તહેવારોમાં આમથી તેમ ઉડાઉડ થતા મેસેજીસમાં ક્યાં લાગણીનો અર્ક હોય છે ? શુભેચ્છાઓ આપવામાં પણ કોપી-પેસ્ટ અને વાટકી વ્યવહારના બંધાણી થતા જઈએ છીએ. ટપાલો કે ગ્રીટિંગકાર્ડ્સ તો હવે મ્યુઝીયમની ચીજ બની ગઈ છે. બાજુમાં જ રહેતા પાડોશીને રૂબરૂ જઈને સાલ-મુબારક કે હેપ્પી હોળી કેટલાએ કરેલી? જવાબ ની ટકાવારી બહુ ઓછી આવશે પણ હા હેપી હોળી કે હેપી દિવાળીના મેસેજીસ બબ્બે કે ત્રણ ત્રણ વાર કરેલા હશે. બસ એ લીંક જ ખોટી ખુલે છે... એવું હરગીઝ નથી કે બધાને આ કી-પેડીયો એરુ આભડી ગયો હોય. ઘણા આમાંથી બહાર નીકળી રહ્યા છે કે નીકળી ચુક્યા પણ છે કેમકે મૂળભૂત મનુષ્ય સામજિક પ્રાણી છે અને એના જીવનચક્રમાં યેનકેન પ્રકારે અને મુખ્યત્વે સમાજનો સમાવેશ જરૂરી અને લગભગ ફરજીયાત છે પણ સોશિયલ થવાની આપણી રીતો અ-સોશિયલ બનતી જાય છે (આ અ-સોશિયલને એન્ટી-સોશિયલ સાથે દુર દુર તલક નહાવા નીચોવવાનો સંબંધ નથી - ચોખવટ પૂરી)!!

ચલો માન્યું કે લાઈફ ફાસ્ટ છે અને લાગણીઓ પ્રદર્શિત કરવાનો ટાઈમ કાઢવો મુશ્કેલ છે પણ એનાથી ઊંધું વિચારો તો ઈમેલ કે ટ્વીટરની એક લીંક ઓછી ઓપન કરીને ગમતી ફીમેલ કે પછી ફેમીલી મેમ્બરને કે દોસ્ત કે સગાને ઘરે અચાનક જઈ ચડીને સબંધોની ઉષ્માભરી લીંક ઓપન કરવી વધુફાયદેમંદ ના કહેવાય ? ફેસબુકની દીવાલે મસમોટી કેક ચોટાડવાને બદલે જો આસપાસ હોય તો એક પાચ રૂપિયાનું ગુલાબ લઈને હેપ્પી બર્થડે ના કરી શકાય ? કરી શકાય ને ? અને ઘણા એ કરતા પણ હશે જ...આક્રમણ તો છે જ ચારેકોર...સમજણ વગરનું-નિરંતર-નિરર્થક !!! સોઈ થી સુપર બોઈંગ સુધી આપણી આસપાસ ટેકનોલોજીની જાળ છે ને એનો ઉપયોગ આપણને ગમે છે, ફાવે છે અને લગભગ રોજિંદુ છે પણ આપણે એના એટલા આદી કે ગુલામ થતા જઈએ છીએ કે પછી આ હાથવગી લીંકો ઓપન કરવાની પડતી જતી ટેવો આપણને એવી કઈ કેટલીયે બેશકીમતી લીંકોને ખોલવાથી દુર રાખે છે કે યુ કાન્ટ ઈમેઝીન!!

પાઠ્યપુસ્તક મંડળ : નવો અભ્યાસક્રમ : ધોરણ-૯ની સર્વલક્ષી સમીક્ષા

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાત શિક્ષણજગતમાં પાઠ્યપુસ્તક મંડળ હંમેશાં ચર્ચામાં રહ્યું છે. અને એ પણ મહદઅંશે નકારાત્મક રીતે, અને ખુબ નાની વાતોને મોટી બનાવીને પ્રસ્તુત કરવામાં આવે છે. પરંતું જે ખરેખર સારા અને પ્રશંસનીય કાર્યો છે એના વિશે આંખ આડા કાન કરવામાં આવે છે. આ પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા જે ઉત્તમ કાર્યો થાય છે તે કોઇ જોતું જ નથી અને જૂએ છે તો કોઇ એને લોકો સુધી પહોંચાડતું નથી.

પાઠ્યપુસ્તક મંડળના અનેક કાર્યોમાંથી એક મહત્વનું કાર્ય છે "પાઠ્ય પુસ્તકો" બનાવવાનું. આમ જોઇએ તો આ કાર્ય ખૂબ જ કઠિન અને જટિલ છે. આમાં ઘણી બધી બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે. એક તરફ સરકાર, પક્ષ, વિપક્ષ, બીજી તરફ રાહ જોઇને બેઠેલા ટીકાકારો, ત્રીજી તરફ અસંતૂષ્ટ લેખકો, શિક્ષકો, વિદ્વાનો અને પત્રકારો... આ બધાની વચ્ચે એકદમ તટસ્થ અને બધાને ગમે તેવો સર્વસ્વીકૃત પાઠ્યક્રમ બનાવવો એ લગભગ અશક્ય છે.

આ વર્ષે ધોરણ - ૯ અને ૧૧ નો ગુજરાતી હિંદી વિષયનો અભ્યાસક્રમ બદલાયો છે. અને લગભગ એક દોઢ વર્ષની મહેનત બાદ અનેક વિદ્વાનો, વિષય નિષ્ણાતો, શિક્ષકો, સર્જકો સાથેની મિટિંગો, બેઠકો, કાર્યશાળાઓ અને ચર્ચા વિચારણાને અંતે આ બન્ને ધોરણોનો અભ્યાસક્રમ અસ્તિત્વમાં આવ્યો છે. ધોરણ - ૯ની ગુજરાતી હિંદી પ્રથમ અને દ્વિતીય ભાષાના બન્ને પુસ્તકો બજારમાં આવી ગયા છે. સૌ પ્રથમ નોંધવા જેવી વાત એ છે કે જેમની હજી ૬૦૦મી જન્મજયંતી ઉજવાઇ જ છે એવા આપણી ભાષાના આદ્યભક્તકવિ શ્રી નરસિંહ મહેતાનો ફોટો મુખપૃષ્ઠ પર મૂકવામાં આવ્યો છે. અને સાથે મેઘાણી, મકરંદ દવે, અમૃત ઘાયલ, સુંદરમ અને લાભશંકર ઠાકર છે કે જેમણે ગુજરાતી સાહિત્યને રળિયાત બનાવ્યું છે. પાઠ્યપુસ્તકનો આરંભ પણ નરસિંહના એક પદથી થાય છે. "સાંજ સમે શામળિયો વહાલો, વૃંદાવનથી આવે " નરસિંહનું આ નવું પદ - ગીતકાવ્ય રસ કલ્પનોથી ભરેલું છે. અહીં પ્રથમ અને દ્વિતીય ભાષાના બન્ને પુસ્તકોમાં પદ્યના ગઝલ, ગીત, સૉનેટ, આખ્યાન, ઊર્મિકાવ્ય, લોકગીત, મુક્તક, હાઇકુ, અછાંદસ, દોહો, છપ્પા વગેરે સ્વરૂપો સમાવવામાં આવ્યા છે. જેમાં ગાંધીયુગના કવિ 'સુંદરમ' છે, તો કવિ મનોહર ત્રિવેદીનું એકદમ તરોતાજા ગીત 'તો પપ્પા, હવે ફોન મૂકું' સમાવીને પસંદગીકારોએ અત્યાધૂનિક ગીત કવિતાને સન્માનિત કરી છે. અહીં રમેશ પારેખનું અદભુત ગીત 'મારાં સપનામાં આવ્યાં હરિ' છે, તો વળી અમૃત ઘાયલની ગઝલ 'રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના' છે,આ ઉપરાંત બાલમુકુન્દ દવે, ઉશનસ છે. પ્રિયકાંત મણિયારનું નવું અને આધુનિક અછાંદસ કાવ્ય પસંદ થયું છે. અને કવિ સુરેશ દલાલનું બહુ પ્રસિદ્ધ ગીત 'ગોકુળમાં આવો તો' છે અને યુવા કવિ અનિલ ચાવડાનું ગીત "દીકરીની વિદાય" પણ નવી રીતે આવે છે.

ગાંધીજીની આત્મકથાનો એક ખંડ "ચોરી અને પ્રાયશ્ચિત"બાળકોને પ્રેરણાદાયી છે તો વળી દર્શકની કીર્તિદા કૃતિ 'ઝેર તો પીધા છે જાણી જાણી' નવલકથાનો એક ખંડ " ગોપાળબાપા" ની પરોપકારની ભાવના, ઇશ્વર પેટલીકરની "લોહીની સગાઇ" માં માતૃત્વનો અનેરો મહિમા, ખંડ-૨માં સુધા મૂર્તિની "સો ટચનું સોનું "માં પ્રગટતું ભણતરનું મૂલ્ય દર્શાવે છે. બકુલ ત્રિપાઠીનો હાસ્ય નિબંધ 'છાલ- છોતરાં અને ગોટલા' માં સ્વચ્છતાનો સંદેશ ભારે કટાક્ષ દ્વારા અપાયો છે. જ્યારે વિદ્યાબહેન નીલકંઠનો હાસ્યનિબંધ "પરોપકારી મનુષ્યો"માં વણમાગી સલાહ આપતા લોકોની માનસિકતામાંથી નિપજતું હાસ્ય છે.

અહીં નિબંધ સ્વરૂપમાં ચારેક નિબંધો પસંદ થયા છે. પ્રથમ ભાષામાં વિનોબા ભાવેનો "ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ."

કુમારપાળ દેસાઇનો "ઉપયોગી ટાંકણી લઇ લઇએ" છે. દ્વિતીય ભાષામાં ફાધર વાલેસનો "ભાષા જાય તો સંસ્કૃતિ જાય" માં ગુજરાતી ભાષાનું મહત્વ દર્શાવ્યું છે. તો વળી મણિલાલ હ. પટેલનો "પંખીલોક"માં અનેક પંખીઓના કલરવમાં મળતું સુખ અને પંખીઓની ઘટતી સંખ્યાની પીડા દર્શાવી છે. કનૈયાલાલ ભટ્ટનો એક ચરિત્ર નિબંધ "અભિનય સમ્રાટ : ઉપેન્દ્ર ત્રિવેદી" પસંદ થયો છે. વીસમી સદીના ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મના સુપરસ્ટાર ઉપેન્દ્ર ત્રિવેદીના જીવનનો સંઘર્ષ અને સફળતાની વાત રજુ કરીને આવતી ભાવિ પેઢીને પ્રેરણાના પિયુષ પીવડાવવામાં આવશે. તો વળી અહીં પ્રવાસ નિબંધ "સખી માર્કંડી" કાકા કાલેલકરનો છે. જેમાં નદી "માર્કંડી" સાથેની એમની મૈત્રી, એના સૌન્દર્યનું રસપાન કરાવીને બાળકોને પ્રકૃતિમય બનાવી દે છે.

ધો. નવનાં વિદ્યાથીઓને લાભશંકર ઠાકર જેવા ઉત્તમકક્ષાના નાટ્યકારનું એકાંકી "કુદરતી" દ્વારા એક દિવસની સ્વર્ગાનુભૂતિ હળવાશથી - માર્મિક રીતે કરાવાઇ છે. તો વળી જયંતિ દલાલનું એકાંકી "પારખું" રમુજી ભર્યા પ્રસંગોથી હાસ્યસંપન થયું છે. આ પાઠ્યક્રમમાં સંસ્મરણો પણ છે. જેમાં અશ્વિન મહેતાનું "છબિ ભીતરની"માં ગાંધી પ્રેમની છબિ ઝિલાય છે. સંકલિત કરેલ બે રેખાચિત્રો પણ અહી સમાવાયા છે. "પંગુમ લંઘયતે ગિરિમ" અને "સમાજ સમર્પિત શ